બીબીએ એડમીનીસ્ટ્રેશનનાં વિદ્યાર્થીઓનું એક્યુમેક્સ ગ્રુપ પ્રા.લિમાં જોબ પ્લેસમેન્ટ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર ની કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બીઝનેસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) કોલેજ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન સાતત્ય પૂર્વક બીબીએ નાં ફાઈનલ સેમેસ્ટર નાં વિદ્યાર્થીઓ તેમજ ભુતપૂર્વ વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ નું આયોજન વર્ષપર્યંત થતું રહે છે. બીબીએ અભ્યાસક્રમ સાથે ''એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન'' કોર્સ કોલેજ દ્વારા ચલાવવા માં આવે છે. જેમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે કોલેજ દ્વારા પ્લેસમેન્ટ નું આયોજન કરવા માં આવ્યું હતું. અત્રે ઉજ્જવળ કારકિર્દી માટેનાં શ્રેષ્ઠ વિકલ્પ ઉપલબ્ધ છે તેનું જીવંત ઉદાહરણ બીબીએ કોલેજ દ્વારા આયોજિત પ્લેસમેન્ટ ડ્રાઈવ પૂરુ પાડે છે. જે અન્વયે કોલેજ કેમ્પસ ખાતે AccuMax Group Pvt.Ltd કંપની વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ આપવા માટે કેમ્પસ ખાતે આવી હતી. કંપની ૨૦૦૬ થી નિકાસ કાર્ય સાથે સંકળાયેલી છે. તેમજ ૨૦૦૯ થી ડોમેસ્ટિક ક્ષેત્રે પણ કંપની નો વ્યવસાય ચાલી રહ્યો છે. તેમજ ૨૦૧૦ અને ૨૦૧૨ માં સેઝ માં કંપની ના યુનિટ શરુ કરવા માં આવ્યા છે. ૨૦૦૬ માં ૧.૫ કરોડ ના વાર્ષિક વ્યવસાય થી શરુ થયેલ હવે ૮૦ થી ૧૦૦ કરોડ નો વાર્ષિક વ્યવસાયે કંપની પંહોચી છે. જે કંપની ની ઉત્તરોતર આર્થિક મજબૂતી તરફ અગ્રેસરતા ને સૂચવે છે. જેમાં કોલેજનાં ૧૦ વિદ્યાર્થીઓ જોડાયા હતા. બીબીએ કોલેજ વતી ડો.જયેશ તન્ના દ્વારા ભારત માં વધતા એક્સપોર્ટ તેમજ આ ક્ષેત્ર માં ઉપલબ્ધ વિપુલ તકો બાબતે વિદ્યાર્થીઓ ને માર્ગદર્શિત કર્યા હતા. તેમજ કંપનીનાં એચ. આર. મેનેજર મૈત્રય પંડ્યા સાહેબ નો પરિચય આપી પ્રીપ્લેસમેન્ટ ટ્રેનીંગ માટે આવકારવા માં આવ્યા હતા. તેમજ વિદ્યાર્થીઓ ને કંપની બાબતે માર્ગદર્શન આપ્યું હતું. તેઓએ વિદ્યાર્થીઓને પ્રાઈવેટ સેક્ટરમાં કારકિર્દી ઘડતર ની અપાર તકો તેમજ ખુબ ઝડપથી સફળ બનવા માટે નાં સૂચનો કર્યા હતા કુલ ૧૩ વિદ્યાર્થીઓ એ ઈન્ટરવ્યું માટે આવ્યા હતા. જેમાંથી ૧૦ આગળ ના રાઉન્ડ મા ઈન્ટરવ્યું આપવા પહોચ્યા. અત્રે ઉલ્લેખનીય છે કે બીબીએ કોલેજનાં વિદ્યાર્થીઓ ''એક્ષપોર્ટ પ્રોસીઝર એન્ડ ડોક્યુમેન્ટેશન'' ક્ષેત્રે સફળ કારકિર્દી બનાવશે જેમાં તેઓ નાં પ્લેસમેન્ટ બાબતે કોલેજ દ્વારા અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓ ને ૧૫,૦૦૦ સુધી નાં માસિક પેકેજ ની ઓફર કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ માં ખુશી ની લાગણી છવાઈ ગઈ હતી. તેમજ તેમના અભિપ્રાય માં જણાવ્યું હતું કે કોલેજ દ્વારા અવાર નવાર પ્લેસમેન્ટ પ્રવૃત્તિ કરવા માં આવે છે. જે અમારા જેવા ફ્રેશર્સ માટે ખુબ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. અમને કોલેજ દ્વારા અમારા કૌશલ્યો ને માર્કેટ સુધી પહોચાડવા નો મોકો પ્રાપ્ત થાય છે જે બદલ અમે કોલેજ નાં આભારી છીએ. સાંપ્રત સમયમાં જયારે અનુસ્નાતક કક્ષા એ પંહોચીને પણ વિદ્યાર્થીઓને યોગ્ય નોકરી મેળવવી મુશ્કેલ લાગે છે. ત્યારે બીબીએ નાં વિદ્યાર્થીઓ નું નામાંકિત કંપની માં પ્લેસમેન્ટ થવું તે કોલેજ તરફથી વિદ્યાર્થીઓને મળેલી પ્રાયોગિક તાલીમ તેમજ મેનેજમેન્ટ અભ્યાસક્રમ ને આભારી છે. સાથે સાથે પ્રાઈવેટ તેમજ મલ્ટીનેશનલ કંપનીઓમાં પણ બીબીએ કોલેજ નાં વિદ્યાર્થીઓ પોતાનું આગવું સ્થાન બનાવી રહ્યા છે અને કોલેજનાં ભુતપૂર્વ વિદ્યાર્થીઓ તેનું જીવંત ઉદાહરણ પુરુ પાડે છે.

સમગ્ર પ્લેસમેન્ટ ડ્રાઈવ કોલેજ નાં આચાર્ય ડો. રમાકાંત પૃષ્ટિ તેમજ ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ સમિતિ નાં હેડ ડો.જયેશ તન્ના અને ડો.આશિષ ભુવા દ્વારા પ્રયત્નો કરી સફળ બનાવવામાં આવી હતી.

ડાયરેક્ટ ❤ સે

શમણાઓ વિનાની રાત
નથી ગમતી મને
માણસાઈ વિનાની વાત
નથી ગમતી મને

જન્મદિને વધામણી

મોક્ષા રાકેશ જાની

હર્ષ પરશોત્તમ સુખવાણી
મો. ૮૧૪૦૯ ૧૭૧૧૭

પરમાર રૂતવાબેન હસમુખભાઈ
મો. ૯૪૦૮૬ ૦૬૯૨૬

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ટાઉનહોલ ખાતે લોકડાયરો યોજાયો

ગાંધીનગર, તા. ૨૬

ગુજરાત રાજય સંગીત નાટ્ય અકાદમી તથા ગાંધીનગરની જાણીતી સંસ્થા આહીર યુવા ફોરમ, ગાંધીનગરના સંયુકત ઉપક્રમે પ્રખ્યાત લોક સાહિત્યકાર રાજભા ગઢવીના લોક ડાયરાનો કાર્યક્રમ ગત રવિવારે રાત્રે ટાઉન હોલ ખાતે ભવ્ય રીતે યોજાઈ ગયો.

લોક ડાયરામાં રાજભા ગઢવીએ સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિની વાતો ઉજાગર કરીને મોજ કરાવી હતી. તેમણે 'આશરો આહીરનો' વાતને યાદ કરી આહીર સમાજનો આશરો અને અસ્મિતાનો ઉલ્લેખ કરતાં સમગ્ર હોલ તાળીઓના ગડગડાટથી ગુંજી ઉઠ્યો હતો.

આ પ્રસંગે માજી મંત્રી શ્રી દેવાણંદભાઈ સોલંકી, બીજ નિગમના અધ્યક્ષ શ્રી રાજસીભાઈ જોટવા, ધારાસભ્ય શ્રી ભગવાનભાઈ બારડ સહીત વિવિધ આગેવાનો ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમમાં ૧૪૭૫ જેટલી વિશાળ સંખ્યામાં પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. ખુરશીઓ ખુટી પડતાં લોકોએ નીચે બેસીને પણ ડાયરાની મોજ માણી હતી.

શ્રીમતી જ્યોતિબેન મણીલાલ ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લીકેશન ખાતે

વિદ્યાર્થિનીઓ માટે વેદિક ગણિત વર્કશૉપ

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી જ્યોતિબેન મણીલાલ ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઑફ કૉમ્પ્યુટર ઍપ્લીકેશન (બીસીએ પ્રોગ્રામ) દ્વારા ધોરણ-૧૧ અને ૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીઓ માટે વેદિક ગણિત વિષયે ત્રણ કલાકના વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિવિધ શાળાઓની ૧૧૦ જેટલી વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ વર્કશૉપનો મુખ્ય હેતુ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં વિદ્યાર્થિનીઓ સારો દેખાવ કરે તે હતો. ગણિતના પ્રશ્નો ઓછા સમયમાં અને આસાનીથી વિદ્યાર્થિનીઓ સૉલ્વ કરી શકે તે પ્રકારનો આ વર્કશૉપ મેહુલ વોરા અને કૉલેજના ઇન-ચાર્જ ડિરેક્ટર પ્રશાંત વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

સંસ્થાના ઉપપ્રમુખ ઍસ આર ચૌધરી અને મહામંત્રી માધુભાઈ ચૌધરીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

જીએસટી પ્રેક્ટિશનરે NACIN પરીક્ષા ફરજિયાત પાસ કરવી પડશે

અમદાવાદ,તા.૨૬

જીએસટીના પ્રેક્ટિશનર તરીકે કામ કરવા માટે હવે પ્રેક્ટિશનરે NACIN (નેશનલ એકેડેમી ઓફ કસ્ટમ એન્ડ ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ નાર્કોટિક્સ) પરીક્ષા પાસ કરવાનું ફરજિયાત કરાયું છે. ચાલુ નાણાકીય વર્ષથી આ પરીક્ષા જેમણે પાસ કરી હશે તે પ્રેક્ટિશનર જ જીએસટીની પ્રેક્ટિસ કરી શકશે. ૩૧ ઓક્ટોબરે દ્રછઝ્રૈંદ્રની પરીક્ષા યોજાશે, તેના માટે આજથી રજિસ્ટ્રેશન શરૂ થઈ ચૂક્યાં છે. આ પરીક્ષામાં પ્રેક્ટિશનરે ૫૦ ટકા માર્ક્સ ફરજિયાત મેળવવાના રહેશે. પરીક્ષા માટેની રજિસ્ટ્રેશન ફી રૂ. ૨૫૦૦ ઓનલાઈન ભરવાની રહેશે. બે કલાકની પરીક્ષા હશે, જેનો સમય ૧થી ૧.૩૦નો રહેશે. પરીક્ષામાં કુલ ૨૦૦ એમસીક્યુ હશે, જેનાથી ક્વોલિફાય થવા માટે ઉમદવારે ૫૦ ટકા માર્ક્સ એટલે કે ૧૦૦ માર્ક્સ લાવવાના રહેશે.

ઍમ બી પટેલ કન્યા શાળામાં વાલીઓની ચિંતન શિબિર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૧ અને ૨ના વિદ્યાર્થિનીઓના વાલીઓની ચિંતન શિબિર યોજવામાં આવી હતી. આ પ્રસંગે ૧૫૦ જેટલી વિદ્યાર્થિનીઓએ સુંદર ડાન્સની પ્રસ્તુતિ કરી હતી.

સ્વાસ્થ્ય અને તંદુરસ્તી કાર્યક્રમ અન્વયે વિદ્યાર્થિનીઓ દ્વારા ઉપયોગી સ્લોગન્સ પણ પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. મદદનીશ શિક્ષક કિરણબેન, માયાબેન અને હિનલબેને અંગ્રેજી ભાષા અને ગણિત વિશેની અભ્યાસ સંબંધિત માહિતી વાલીઓને પૂરી પાડી હતી.

આચાર્ય નીરૂબેન પટેલે પ્રસંગને અનુરૂપ ઉદ્બોધન કર્યું હતું અને વાલીમિત્રોના સહકાર બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

બી.એ.ની પરીક્ષામાં જૂના કોર્સનું પેપર પુછાતાં વિદ્યાર્થીઓનો હોબાળો

અમદાવાદ,તા.૨૬

હાલમાં કોલેજમાં ઈન્ટર્નલ પરીક્ષા ચાલી રહી છે અને કોલેજમાં પરીક્ષા દરમિયાન અનેક વાર પેપરમાં છબરડા થતા હોય છે ત્યારે આજે એચકે આર્ટ્સ કોલેજમાં ઈન્ટર્નલ પરીક્ષામાં જૂના કોર્સનું પેપર પૂછતાં વિદ્યાર્થીઓએ હોબાળો કર્યો હતો. હાલ બીએ સેમેસ્ટર-૩માં કમ્પ્લસરી ઈંગ્લિંશના પેપરમાં જૂનું પેપર પૂછતાં કોલેજે આજની પરીક્ષા રદ કરવી પડી હતી.

આ સંદર્ભે પ્રાપ્ત વિગતો અનુસાર આશ્રમરોડ પર આવેલી એચકે કોલેજમાં આજે આર્ટ્સના વિદ્યાર્થીઓએ ભારે હોબાળો મચાવી દીધો હતો. બીએ સેમેસ્ટર-૩ની આજે કોલેજની ઈન્ટર્નલ પરીક્ષા વિદ્યાર્થીઓ આપી રહ્યા હતા ત્યારે વિદ્યાર્થીઓને આપવામાં આવેલ ઈંગ્લિંશના પેપરમાં જૂનું પૂછવામાં આવ્યું હતું.

આ પેપરમાં જૂના સિલેબસનું પુછાતાં વિદ્યાર્થીઓએ કોલેજમાં જ વિરોધ નોંધાવ્યો હતો અને કોલેજ કેમ્પસમાં પરીક્ષા રદ કરવાના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા ત્યારે વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના સત્તાધીશોને રજૂઆત કરતાં બીએ સેમેસ્ટર-૩માં કમ્પ્લસરી ઈંગ્લિંશના પેપર આજનું રદ કર્યું હતું અને આ પેપર-૫ ઓક્ટોબરના રોજ લેવામાં આવશે.

રાજ્યના યુવક-યુવતીઓ માટે આપણી સરહદો ઓળખો પ્રવાસ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

રાજ્યના ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતાં યુવક-યુવતીઓને રાજયના સરહદી વિસ્તારો, લોક જીવન, ઐતિહાસિક તેમજ પુરાતત્વીય સ્થળો, સાગરકાંઠો, રણ વિસ્તાર વગેરેનો પ્રત્યક્ષ પરિચય થાય તેમજ ત્યાંની મુશ્કેલીઓ હાડમારીઓ વચ્ચે સરહદોનું રક્ષણ કરતાં આપણા જવાનો વિશે માહિતી મેળવી શકે તે હેતુથી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના ઉપક્રમે દર વર્ષે કચ્છ-બનાસકાંઠા જિલ્લાના વિવિધ સરહદી સ્થળોના સાહસિક પ્રવાસ યોજવામાં આવે છે.

ચાલુ વર્ષે સંભવિત ૧૨ નવેમ્બર-૨૦૧૮ થી ૨૧ નવેમ્બર-૨૦૧૮ સુધી ૧૦ દિવસ માટે કાર્યક્રમ યોજવાનું નકકી કરવામાં આવ્યું છે. જેમાં રાજયભરમાંથી ૨૦૦ યુવક-યુવતીઓને આ સાહસિક કાર્યક્રમમાં ભાગ લેવાની તક આપવામાં આવશે.

કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતાં યુવક-યુવતીઓ કે જેમની ઉંમર તા.૩૧ ડિસેમ્બર-૨૦૧૮ના રોજ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેમને www.sycd.gujarat.gov.in website પરથી ફોર્મ ડાઉનલોડ કરી જેમાં સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે જિલ્લા રમતગમત અધિકારીશ્રીની કચેરી, બહુમાળી ભવન, રૂમનં.૪૧૧, ત્રીજો માળ, ભુજ, જિ.કચ્છ, પીન કોડનં-૩૭૦૦૦૧ને તા.૩૦ ઓકટોબર-૨૦૧૮ સુધીમાં મોકલી આપવાનું રહેશે.

કાર્યક્રમમાં જોડાવા માટે એન.સી.સી. કેડેટસ / એન.એસ.એસ. મેમ્બર / રાષ્ટ્રીય પરેડ-નવી દિલ્હી ૧૫ ઓગષ્ટ / ૨૬ જાન્યુઆરી / તાલુકા/જિલ્લા/રાજય કક્ષાની માન્ય રમતોત્સવમાં ૧ થી ૩ નંબર વિજેતા / વિશિષ્ટ બહાદુરી / વીરતા / શૌર્ય માટેનો એવોર્ડ મેળવેલ હોય / પવર્તારોહણ બેઝીક તાલીમ લીધેલ હોય અને કોઈ ખાસ અભિયાનમાં ભાગ લીધો હોય (દા.ત. સાયકલ રેલી, બાઈક રેલી) અંગેના પ્રમાણપત્રો સામેલ કરવાના રહેશે. અરજી પસંદગી સમયે આ પ્રાધાન્ય આપવામાં આવશે. આ કાર્યક્રમમાં પસંદ થનાર યુવક-યુવતીઓને પત્ર દ્વારા / મોબાઈલ ઉપર / ઈ-mail દ્વારા જાણ કરવામાં આવશે.

પસંદ થનાર યુવક-યુવતીઓએ તેમના નિવાસથી ભૂજ અને પરત સ્વખર્ચે આવવાનું રહેશે. કાર્યક્રમ દરમિયાન તમામ સુવિધા રાજય સરકાર દ્વારા આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા બદલ પ્રમાણપત્ર આપવામાં આવશે, તેમ કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

સ્મિત ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર, ચાંદખેડા, શાહીબાગ, નરોડા જેવા વિસ્તારની સ્કૂલ્સમાં વિદ્યાર્થિનીઓ માટે સેલ્ફ ડિફેન્સ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સ્કૂલ્સની વિદ્યાર્થિનીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ હતી અને સ્વબચાવની વિવિધ ટેકનીક્સ તેમણે રસપૂર્વક શીખી હતી. ટ્રેનર સંજયભાઈ રાઈ દ્વારા તેમને આ ઉપયોગી તાલીમ સરળતાથી આપવામાં આવી હતી. સ્કૂલના આચાર્ય દિનેશભાઈ પટેલ અને શિક્ષકોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

ઍમ બી પટેલ સ્કૂલ દ્વારા વિવિધ ડેની ઉજવણી

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૨માં અભ્યાસક્રમ અંતર્ગત લીંબુ શરબત બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી.

વિદ્યાર્થિનીઓ ઘરેથી આ માટેની સામગ્રી લાવી હતી અને દરેક વિદ્યાર્થિનીએ લીંબુ શરબત બનાવવાનો સ્વાનુભવ મેળવ્યો હતો તથા લીંબુ શરબતના સ્વાદનો આનંદ પણ માણ્યો હતો. ધોરણ-૧ અને ધોરણ-૨માં વિદ્યાર્થિનીઓ વિવિધ રંગો, સુગંધ, આકારો વગેરે જ્ઞાનથી માહિતગાર થાય તે હેતુથી ફ્લાવર્સ ડે અને બલૂન્સ ડેની ઉજવણી પણ કરવામાં આવી હતી.